# D

શિક્ષક ભાઈ / બહેન,

આ માપદંડનો મુખ્ય હેતુ બાળકોને લેખન અને વાચનમાં અનુભવાતી મુશ્કેલીઓ જાણવાનો છે. આ માપદંડમાં મુખ્ય છ વિભાગો છે. દરેક વિભાગમાં કેટલાક પેટા વિભાગો છે.

મહેરબાની કરી આપ ધ્યાનથી વાંચો. તમારા અવલોકન પ્રમાણે દરેક બાળકને મૂલવો. તમારે એક અગત્યની બાબત ધ્યાનમાં રાખવાની છે કે નીચે આપેલા ત્રણ લક્ષણો પૈકીના એક જ લક્ષણ પર (✓) ની નિશાની કરવાની છે, જેનું અવલોકન આપ બાળકમાં વારંવાર કરતા હો.

આ માપદંડના મોટાભાગના, પેટા વિભાગોનું અવલોકન રોજ-બ-રોજના કાર્યક્રમમાં કરી શકાય એમ છે. જે પેટા વિભાગનું ન થઈ શકે તેની ખાસ કાળજી રાખીને પણ અવલોકન કરશો. ખાલી છોડી દેશો નહી એવી વિનંતી.

— <u>અવલોકન માટે માર્ગદર્શન</u> —

| | | | ગુણાંક |
|---|---|---|---|
| લક્ષણ 'અ' | : | સામાન્ય શકિતથી નીચે કક્ષા ધરાવતા બાળકો | ૦ |
| લક્ષણ 'બ' | : | તમારા વર્ગ પ્રમાણે સામાન્ય શકિત ધરાવતા બાળકો | ૧ |
| લક્ષણ 'ક' | : | સામાન્ય શકિતથી ઉંચી કક્ષા ધરાવતાં બાળકો | ૨ |

બાળકનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

જાતિ : ____________ જ્ઞાતિ ____________

જન્મ તારીખ : ____________

ઉંમર : ____________

કલાસ : ____________

વાલીનું નામ : ____________________

સરનામું : ____________________

શિક્ષકનું નામ : ____________________

બોલવાની ભાષા :

(૧) ભાષાકીય વકતવ્ય (શબ્દ ભંડોળ) – પાઠય પુસ્તકમાં અથવા વર્ગમાં વપરાતા શબ્દો

અ. અપૂરતો શબ્દ ભંડોળ – બોલવામાં નિષ્ફળતા

બ. સાધારણ શબ્દ ભંડોળ – ઉમર અને વર્ગ પ્રમાણે સામાન્ય શબ્દ ભંડોળ

ક. ઘણો સારો શબ્દ ભંડોળ – વાક્પટુતા ધરાવે છે.

(૨) સંબંધીત અનુભવ :

અ. વિચારોને તર્કયુકત અનુબંધમાં વ્યકત કરવાની અશકિત

બ. ઉમર અને વર્ગ પ્રમાણે વિચારોને તાર્કિક રીતે વ્યકત કરે છે.

ક. ઘણી સારી રીતે વિચારીને, તર્કયુકત અનુબંધમાં વ્યકત કરી શકે, સહાધ્યાયીઓ કરતાં સારી રીતે વ્યકત કરી શકે છે.

(૩) શાબ્દીક વાક્પટુતા (વાણી પ્રવાહ – વિચારોને વાણીમાં સહેલાઈથી અને અટકયા વગર રજૂ કરી શકે છે) :

અ. નબળી વાક્પટુતા

બ. સામાન્ય વાક્પટુતા

ક. ઘણી સારી વાક્પટુતા

(૪) શબ્દ યાદશકિત :

અ. યોગ્ય શબ્દો યાદ કરવામાં નિષ્ફળતા.

બ. યાદશકિત દાખવે છે, પણ કયારેક અચકાય છે.

ક. ઘણી સારી શબ્દ યાદશકિત ધરાવે છે, યોગ્ય શબ્દ શોધવામાં ભાગ્યેજ અચકાય છે.

(૫) શબ્દ ઉચ્ચારણ અથવા સ્પષ્ટપણે બોલવું :

અ. શબ્દ ઉચ્ચારવામાં / સ્પષ્ટપણે બોલવામાં નિષ્ફળ

બ. ઉમર અને વર્ગ પ્રમાણે સામાન્ય ઉચ્ચારણ શકિત

ક. સ્પષ્ટ અને અલગ–અલગ શબ્દો ઉચ્ચારે છે.

(૬) છાપેલા અથવા લખાયેલા શબ્દો વાંચવા :

અ. વાંચવામાં નિષ્ફળ

બ. વાંચી શકે છે પણ થોડી ભૂલો સાથે

ક. વાંચવામાં કાર્યક્ષમતા દાખવે છે.

(૭) હેતુ દર્શાવતા શબ્દો વાપરવા :

અ. બરાબર યોગ્ય શબ્દોનો ઉપયોગ કરવામાં અશકત, જેથી અર્થ સમજાવવામાં નિષ્ફળ

બ. એકદમ યોગ્ય શબ્દોનો ઉપયોગ નથી કરતો પણ અર્થ સમજાવી શકે છે.

ક. ધારેલો અર્થ કહેવા માટે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરે છે.

...૩

(૮) સંદર્ભમાં વાકયો વાપરવા :

અ. વાકયને કાર્યક્ષમ અને અર્થપૂર્ણ રીતે વાપરવામાં નિષ્ફળ.

બ. ઉંમર અને વર્ગ પ્રમાણે વાકયનો જરૂર પૂરતો ઉપયોગ.

ક. વાકયો કાર્યક્ષમ અને અર્થપૂર્ણ રીતે વાપરવાની શકિત.

(૯) વિષય સંબંધી પ્રશ્નો પુછવામાં આવે, ત્યારે :

અ. અધૂરાં વાકયોમાં જવાબ આપે છે.

બ. પૂરાં વાકયો હોય છે પણ થોડી ભૂલો હોય છે.

ક. ભૂલો વગર, પૂરા વાકયોમાં જવાબ આપે છે.

(૧૦) વિયોજીત ધ્વનિનું સંયોગીકરણ :

એટલે કે – ક, મ, ળ જેવા જૂદા – જૂદા અક્ષરો વાંચી શકે છે, પણ 'કમળ' આખા શબ્દ તરીકે વાંચવામાં અશકત.

અ. નબળું સંયોગીકરણ

બ. થોડાક શબ્દોનું સંયોગીકરણ

ક. મોટા ભાગના શબ્દોનું સરળતાથી સંયોગીકરણ કરવામાં સફળ

(૧૧) મૌખિક વાંચનમાં વાકપટુતા :

અ. ઉંમર અને વર્ગ પ્રમાણે વાંચનમાં નબળાઈ દાખવે છે.

બ. સામાન્ય વાંચનશકિત, કયારેક અચકાય છે.

ક. વર્ગ પ્રમાણે વાંચનમાં વાકપટુતા ધરાવે છે.

(૧૨) વિચારોનું સંગઠન : મૌખિક રીતે વ્યકત કરાયેલું

અ. જવાબ આપતી વખતે વિચારોનું સંગઠન કરવામાં નિષ્ફળ.

બ. વ્યાજબી રીતે વિચારોનું સંગઠન.

ક. વિચારોના સંગઠનમાં ઉંચી શકિત દાખવે છે.

<u>શારીરિક સંચલન સુસંગતતા</u> :

(૧) સંચલન કૌશલ્ય : (સિવણકામ, કાતરકામ, લેખન )

અ. વિચિત્ર, નબળું – સંચલન કૌશલ્ય દર્શાવતી પ્રવૃત્તિઓમાં તકલીફ અનુભવે છે.

બ. સામાન્ય સંચલન કૌશલ્ય – પ્રવૃત્તિઓ કરી શકે છે.

ક. ઘણું સારું કૌશલ્ય – પ્રવૃત્તિમાં કાર્યક્ષમતા દાખવે છે, સુસંગત હલનચલન.

(૨) શારીરિક પ્રવૃત્તિઓ :

અ. ખૂબ ચંચળ, સતત અજંપો

બ. ઉંમર પ્રમાણે સામાન્ય હલનચલન

ક. કાર્ય પ્રમાણે યોગ્ય પ્રવૃત્તિની સ્થિતિ (દા.ત. – મેદાનમાં ખૂબ ચંચળ અને વર્ગમાં ધ્યાન દેવું )

(૩) આકારોનું અને શબ્દોનું અનુકરણ (પુસ્તક અને બ્લેક બોર્ડ પરથી) :

અ. બરોબર અનુકરણ કરવામાં અશક્ત અને સતત મદદની જરૂર

બ. ઉંમર અને વર્ગ પ્રમાણે સામાન્ય અનુકરણ

ક. સ્વતંત્ર રીતે કાર્યક્ષમ અનુકરણ કરે છે.

(૪) લીટી ઉપર લખવામાં કાબૂ :

અ. અપૂરતો કાબૂ (લીટીની ઉપર અથવા નીચે લખે છે)

બ. સામાન્ય કાબૂ

ક. સારો કાબૂ, સુઘડ લખાણ

(૫) પેન્સીલ પર દબાણ :

અ. બહુ ભારે અથવા બહુ હલકું દબાણ – લખાણને અસર થાય છે.

બ. સામાન્ય દબાણ

ક. નિયમસરનું અને સમાન દબાણ જેથી સુઘડ લખાણ

(૬) અક્ષરોના વળાંક :

અ. બહુજ નબળા, યોગ્ય વળાંક પાડવામાં નિષ્ફળ

બ. સામાન્ય વળાંક બનાવે છે.

ક. અક્ષરો લખતાં યોગ્ય વળાંક બનાવે છે.

<u>વ્યકિતગત અને સામાજિક વર્તન</u> :

(૧) વ્યવસ્થા :

અ. બેહુદી, અવ્યવસ્થિત

બ. કાર્યમાં સામાન્ય રીતે વ્યવસ્થિત રહે

ક. એનું કાર્ય ખૂબજ વ્યવસ્થિત રીતે પૂરું કરે.

(૨) ધ્યાન :

અ. હમેશાં બેધ્યાન રહે.

બ. તેની ઉંમર અને વર્ગ પ્રમાણે ધ્યાન આપે.

ક. ઘણું સારું ધ્યાન આપે.

(૩) નવી પરિસ્થિતિઓ તરફ પ્રતિભાવ :

અ. બીનજરૂરી વધારે પડતો પ્રતિભાવ ; આત્મસંયમનો અભાવ.

બ. તેની ઉંમર પ્રમાણે અનુકુલન.

ક. સહેલાઈથી અનુકુલન કરે છે અને આત્મવિશ્વાસ દાખવે છે.

(૪) કાર્ય પૂરું કરવું (ખંત) :

અ. ભાગ્યેજ કામ પૂરું કરે છે.

બ. સામાન્ય ; કોઈક વખત પૂરું કરે, કોઈક વખત ન કરે.

ક. ઘણું સારું ; હમેશાં કામ પૂરું કરે છે.

(૫) એકાગ્રતા (ખાસ કામમાં ) :

અ. એકાગ્રતા રાખવામાં અશક્ત

બ. વર્ગ પ્રમાણે સામાન્ય એકાગ્રતા

ક. લાંબા સમય સુધી એકાગ્રતા ધરાવી શકે છે.

(૬) શ્રમ કરતી વખતે :

અ. કામ કરતાં આનંદ નથી અનુભવતો.

બ. બેપરવાઈ દાખવે છે.

ક. આનંદ અનુભવે છે.

(૭) જવાબ આપતી વખતે આત્મ વિશ્વાસ :

અ. જવાબ આપવામાં ખચકાય છે અથવા જવાબ આવડતો નથી.

બ. અમુક સંજોગોમાં વિશ્વાસપૂર્વક જવાબ આપે છે.

ક. હંમેશા આત્મ વિશ્વાસથી જવાબ આપે છે.

(૮) વાચન પ્રત્યેનું વલણ :

અ. વાચન પ્રત્યે નકરાત્મક વલણ

બ. જ્યારે કહેવામાં આવે ત્યારે જ વાંચે છે.

ક. હકારાત્મ વલણ ; વાંચવા માટે સ્વૈચ્છિક તૈયારી બતાવે છે.

(૯) વર્ગ કામગીરીમાં સ્થિરતા (અભ્યાસને લગતા કાર્યોને લગતું ) :

અ. કામગીરીમાં ખૂબજ અસ્થિરતા.

બ. સામાન્ય : કામગીરીમાં સ્થિરતા.

ક. ખૂબજ સારું, હંમેશા સારી કામગીરી.

<u>સ્મરણ શકિત</u> :

(૧) માહિતી યાદ રાખવી :

અ. યાદ કરવા વારંવાર અશક્ત.

બ. સાધારણ યાદ છે.

ક. સારી યાદશકિત.

(૨) શ્રાવ્ય સ્મરણશકિત (શબ્દો અને આંકડાના અનુક્રમને સાંભળી અને પ્રતિકૃત કરવાની કાર્યશકિત ) :

અ. અપૂરતી શ્રાવ્ય સ્મરણશકિત (ખોટી પ્રતિકૃતિ)

બ. સામાન્ય શ્રાવ્ય સ્મરણશકિત (થોડીક ભૂલો )

ક. ખૂબજ સારી શ્રાવ્ય સ્મરણશકિત (એક પણ ભૂલ નહીં)